# Leicester Maher Community Association

*To create unity, promote Education, Culture and Activity*

15 Ravensbridge drive Leicester LE4 0BZ   Tel:- 0116 2425360

**Charity No:** 1039128



"જય શ્રી કૃષ્ણ: ૐ જય દુર્ગા માતાજી"

૨૬ સપ્ટેમ્બર ૨૦૧૨ સાંસ્કૃતિક તહેવારોની ઉજવણી

વ્હાલા જ્ઞાતિના ભાઈઓ તથા બહેનો.

આપણ સર્વેને જણાવતા આનંદ થાય છે કે દર વર્ષની જેમ આ વર્ષે પણ મા આદ્યશક્તિ અંબામાંના પાવન નોરતા "નવરાત્રી"ની તેમ નાતાલના સાંસ્કૃતિક તહેવારોની ઉજવણી આપ સૌના સાથ સહકારથી ઉજવવાનું નક્કી કરેલ છે જેની વિગત નીચે પ્રમાણે છે.

| પ્રસંગ | તારીખ | પ્રવેશ |
|---|---|---|
| નવરાત્રી | મંગળવાર ૧૬ ઓક્ટોબર થી બુધવાર ૨૪ ઓક્ટોબર | ફક્ત મહેર શેરહોલ્ડર પાસ અથવા ટીકીટ |
| દશેરા ઉજાણી/હવન | શનિવાર ૨૭ ઓક્ટોબર ૧૨ વાગ્યે થી | ફક્ત મહેર - ફ્રી |
| શરદ પૂનમ | શનિવાર ૨૭ ઓક્ટોબર સાંજના ૭ વાગ્યાથી | બધા માટે - ટીકીટ |
| દિવાળી મેળાવ | શનિવાર ૧૭ નવેમ્બર સાંજના ૫ વાગ્યાથી | મહેર - ફ્રી |
| બાળકોની ક્રીસમસ પાર્ટી | શનિવાર ૧૫ ડીસેમ્બર બપોરના ૩ વાગ્યાથી | મહેર ફક્ત - ફ્રી |

ઉપરોક્ત પ્રસંગો આપ સર્વેના સાથ સહકાર વિના ઉજવવા અશક્ય છે તો જ્ઞાતિના દરેક વડીલો - ભાઈઓ - બહેનો - યુવાનો - બાળકોને અમારી નમ્ર વિનંતી છે કે આ પ્રસંગોમાં પધારી સાથ - સહકાર આપવા વિનંતી. વધુ વિગત માટે આપણી જ્ઞાતિની વેબસાઈટ www.Maher online.org. અને આપણા સેન્ટરની વેબસાઈટ www.Maher centre.com ઉપર મળી શકશે.

નવરાત્રીના પ્રસંગમાં મા આદ્યશક્તિ અંબામાંના ગરબા ગાવા અને ગવડાવવા આપણી સાથે પોરબંદર ગુજરાતનું પ્રખ્યાત ક્યુરીક ગ્રુપ ગીત - સંગીતના સથવારે રજૂ કરશે જેનું નેતૃત્વ આપણી જ્ઞાતિના યુવાન ગવૈયા શ્રી જીત કેશવાલા કરશે.

નવરાત્રી ૨૦૧૨ - મંગળવાર ૧૬ ઓક્ટોબર - બુધવાર ૨૪ ઓક્ટોબર ૨૦૧૨.

સમય: સાંજના ૭ થી ૧૧:૩૦ - બહેનો ૭ વાગ્યે ગરબા લેવાનું શરૂ કરશે.

કાર્યક્રમ: ગરબા - દાંડિયા રાસ - ત્રણ તાળી રાસ - ડીચ - રણજણીયું - સનેડો.



ENABLING Anoto FUNCTIONALITY powered by magicomm OrigiNote

15 Ravensbridge drive Leicester LE4 0BZ Tel:- 0116 2425360

**Charity No:** 1039128




નવરાત્રી ના દરેક સમય દરમ્યાન જે ભાઈઓ-બહેનો મોડર્ન રાસ રમવા ઈચ્છતાં હશે તેઓએ ક્યારે પણ મ્યુઝીક ગ્રૂપ દ્વારા સ્ટેજ ઉપરથી મોડર્ન રાસ રમવા માટેની જાહેરાત કરવામાં આવે ત્યારે. આ સંભાળમાં પ્રસંગ ની તેમજ વડીલોની મર્યાદા જાળવી રમવા આવી શકશે.

" મહેરબાની કરી નવરાત્રી પહેલાં શેરહોલ્ડરો પાસે અથવા ટીકીટ મેળવી લેવી "

ફેન્સીડ્રેસ: શુક્રવાર ૧૯ ઓક્ટોબર સાંજે ૮ વાગ્યે (એન્ટ્રીનંબર ગુરૂવારે મેળવી લેવો)

૧૪ વર્ષથી નીચેના છોકરા-છોકરીઓ ભાગ લઈ શકશે. વધારે ની વિગત તથા એન્ટ્રી નંબર મેળવવા રમુબહેન ઓડા તથા દેવીબહેન ખુંટીનો સંપર્ક કરવાનો રહેશે. ભાગ લેનાર છોકરા-છોકરીઓને ખાસ વિનંતી છે કે તેઓ પ્રોપર રીતે પોષાક પહેરીને આવે જેથી કરીને જજીસને પસંદ કરવા ખુબજ મહેનત કરવી પડે.

આરતીની થાળી શણગાર: શુક્રવાર ૧૯ ઓક્ટોબર ૮ વાગ્યે.

એન્ટ્રીનંબર ગુરૂવારે મેળવી લેવો.

આરતીની થાળી શણગારવા બાળકો અને યુવાનો ભાગ લઈ શકશે. વડીલોને અમારી નમ્ર વિનંતિ છે કે બહોળી સંખ્યામાં બાળકો આરતી થાળી શણગારમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે. એન્ટ્રીમાટે તેમજ વધુ વિગત માટે ભાનુબહેન રાડા તથા પુષ્પાબહેન ઓડેદરાનો સંપર્ક કરવો.

ફેશા નાઇટ (પોષાક) શનિવાર ૨૦ ઓક્ટોબર

દર વર્ષની જેમ આપણી પારંપરિક દરેક ભાઈઓ અને બહેનો આપણી પારંપરિક પહેરવેશ પહેરી - બહેનો રાસડો તથા ભાઈઓ દાંડીયારાસ ઢોલ ઉપર રમી શકશે.

ડાન્સ ફેશ હરિફાઈ શનિવાર ૨૦ ઓક્ટોબર

દરેક ભાઈ-બહેનો આપણી પારંપરિક પહેરવેશ પહેરીને ડાન્સ ફેશ હરિફાઈમાં ભાગ લઈ શકશે

લોટરી ટીકીટ: બુધવાર ૨૪ ઓક્ટોબર

લોટરી ડ્રો. ૧-૨-૩ નંબરને ઈનામ રાત્રે ૧૦ વાગ્યે.


powered by magicomm OrigiNote

# Leicester Maher Community Association

*To create unity, promote Education, Culture and Activity*

15 Ravensbridge drive Leicester LE4 0BZ Tel:- 0116 2425360

**Charity No:** 1039128




દશેરા ઉજવણી: શનિવાર ૨૭ ઓક્ટોબર, બપોર ૧૨ વાગ્યે.

આ દિવસે આપણી જ્ઞાતિના ભાઈ-બહેનો રમતમાં જોડાવા તથા ભજનના કાર્યક્રમમાં ભાગ લઈ શકશે. જે ભાઈ-બહેનો રમતમાં ભાગ લેવા (જોડાવા) ઈચ્છતા હોય તેઓએ શ્રી પુનાભાઈ લાખાભાઈ ઓડેદરા અથવા ગીતાબેન મહેશભાઈ કારાવદરાને પોતાનાં નામ લખાવવાં જેઓ વધારેની માહિતી આપને આપશે.

શરદ પૂનમ: શનિવાર ૨૭ ઓક્ટોબર સાંજ ૮ વાગ્યે. બધી જ્ઞાતિ માટે

કાર્યક્રમ: આરતી - ગરબા - દાંડીયા રાસ - ત્રણ તાળી - રાજકોટીયું - દૂધ - ચેવડો (મફત)

ડ્રેસ કોડ: લાલ / સફેદ ટ્રેડીશનલ

ટીકેટ દર: પાઉન્ડ ૪ દરેક માટે.

સર્વેને અમારી વિનંતી છે કે શરદપૂનમમાં પ્રખ્યાત મ્યુઝીક ગ્રુપ પોતાનું મ્યુઝીક રજૂ કરવાના હોય દરેકે એડવાન્સમાં પોતાની ટીકેટ મેળવી લેવી છેલ્લી ઘડીએ ટીકેટ મેળવવામાં નિરાશ ન થવું પડે.

ટીકેટ મેળવવાના સ્થળ:

૧ હેરીશન પાન, ૧૦૭ હેરીશન રોડ લેસ્ટર ૦૭૭૪૧૭૬૪૨૬૪
૨ વછરાજ પાન, ૧૫ આબીગામ રોડ લેસ્ટર ૦૧૧૬-૨૭૬૦૦૭૦
૩ રાઠોડ સુપર સ્ટોર, ૧૨૧-૧૨૬ મેલ્ટન રોડ લેસ્ટર ૦૧૧૬-૨૬૬૬૪૦૬
૪ ધ મહેર સેન્ટર, ૧૫ રેવન્સબ્રીજ ડ્રાઈવ લેસ્ટર ૦૧૧૬-૨૪૨૫૩૬૦
૫ ડ્રીમલેન્ડ પાન સેન્ટર, ૨૪૨ ગ્રીનલેન્ડ રોડ લેસ્ટર ૦૧૧૬-૨૭૦૭૪૯૨

દિવાળી ઉજવણી / નવા વર્ષનું સ્નેહમીલન:

દિવાળી / નવા વર્ષના સ્નેહમીલન તારીખ આ પત્રમાં ઉપરોક્ત રજૂ કરવામાં આવેલ છે તો જ્ઞાતિના દરેક વડીલો - ભાઈઓ - બહેનો - યુવાનો - બાળકો નૂતન વરસના સ્નેહમીલનમાં ભાગ લેવા પધારવા વિનંતી.

આ વર્ષે મા અંબામાનું પર્વ નવરાત્રી ની ઉજવણી આપણા મહેર સેન્ટરમાં સુ-વ્યવસ્થિત રીતે ધામધૂમથી રંગે અને ઉત્સાહ પૂર્વક અને આનંદથી આપણે સર્વે માતાજીનું પૂજન અર્ચન કરી શકીએ તે માટે અમોએ નિર્ણય કરેલ છે કે જે ભાઈઓ-બહેનો શેર હોલ્ડર,

**Leicester Maher Community Association**
*To create unity, promote Education, Culture and Activity*
15 Ravensbridge drive Leicester LE4 0BZ Tel:- 0116 2425360
**Charity No:** 1039128



ધરાવે છે તેઓને નવરાત્રીના પાસીસ આપવા અને જેઓ પાસે
શેર નહિ ધરાવતા તેઓ માટે ટીકીટ લેવાની યોજના જાહેર કરેલ
અને તે આપણા નિર્ણયને બધા જ્ઞાતિ ભાઈ-બહેનોએ ટેકો જાહેર
કરેલ છે તે માટે અમો ખૂબ આભારી છે. સોમવાર ૮ ઓકટોબર
સુધીમાં અગાઉ પત્ર દ્વારા જાણ કરેલ છે તે પ્રમાણે શેર હોલ્ડર ભાઈ-
બહેનોએ પોતાના પાસીસ સેન્ટરમાંથી મેળવી લેવા. જેઓ આગામ શેર
નહિ તેઓએ નવરાત્રી દરમ્યાન પ્રસંગ એટેન્ડ કરવા ફેમીલી ટીકીટ મેળવી
લેવી ત્યાર બાદ પાસીસ માટે અથવા ટીકીટ માટે ઓફીસ ચાલુ રહેશે પરંતુ
અમો અંતર્ગત વધુ ને તમોને પાસીસ કે ફેમીલી ટીકીટ આપી શકીએ. તે બાદ
પછી નવરાત્રી પ્રસંગે દરવાજા ઉપર જ ટીકીટ મળી શકશે. જેનો ચાર્જ
એક વ્યક્તિ દીઠ એક ટીકીટના પાંચ (૫) પાઉન્ડ નક્કી કરેલ છે
તે આપની જાણ માટે.

અમો જ્ઞાતિના ભાઈ-બહેનોનો અંતઃકરણ પૂર્વક આભાર
માનીયે છીએ કે તેઓ ના ઉદાર હાથે દાન (ડોનેશન) થી આપણો
પ્રોજેકટ ઉભો કરવા શરૂઆત થયેલ છે. અમારી નમ્ર વિનંતિ છે કે જે પણ
આપણી જ્ઞાતિ ના ભાઈઓ-બહેનો શેરહોલ્ડર નથી તેઓ મેમ્બરશીપ
માટે 300/- પાઉન્ડના શેર ખરીદી- ભવિષ્યમાં ડીસ્કાઉન્ટનો
લાભ લઈ શકશો તેમજ નવરાત્રી તેમજ જ્ઞાતિના અન્ય ઉત્સવોના
પ્રસંગોમાં ફ્રી લાભ મેળવશો.

નવરાત્રીનો પ્રસંગ એ સ્વયં શિસ્ત પાળવાનો પ્રસંગ
છે. તો પાર્કીંગ વ્યવસ્થામાં સાથ સહકાર આપવા તથા પાર્કીંગ વ્યવસ્થા
કરનાર ની સૂચનાનું પાલન કરવા વિનંતિ. શક્તિનું પર્વ એટલે ઉપાસના-
આરાધના-ભક્તિનું પર્વ તો આ પ્રસંગે ન ખાવાની - ન પીવાની વસ્તુનું
સેવન કરવું તે વર્જ્ય છે. તો તેનું પાલન કરવા વિનંતિ.

જે જ્ઞાતિના ભાઈ બહેનો બિઝનેસ ધરાવે છે અને તેઓ
પોતાના બિઝનેસને લગતા પ્રોડકટ ની જાહેરાત કરવા માગતા હોય તેઓએ
સેન્ટરમાં વિવેકભાઈ ખરચાડીયા (સેન્ટર મેનેજર) નો સંપર્ક કરવા વિનંતિ

આભાર

લિ.

લાખણશીભાઈ મોઢવાડીયા નાગાજણભાઈ ભાયોદરા
પ્રતાપભાઈ ખાખાભાઈ ઓડેદરા
લેસ્ટર મહેર કોમ્યુનીટી એસોસીએશન

ENABLING Anoto FUNCTIONALITY powered by magicomm OrigiNote